| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૫/૦૩/૨૦૨૦ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૪૫૭/૨૦૨૦**

# મોબાઇલ સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :**

## “અમદાવાદ શહેરમાં મોબાઇલ સ્નેચિંગ કરતા એક ઇસમને ઝડપી પાડતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ”

છેલ્લા ઘણા સમયથી અમદાવાદ શહેરમાં મોબાઇલ સ્નેચિંગના ગુનાઓ બનવા પામેલ હોય જેથી ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને આવા ગુનાઓ શોધી કાઢવા સૂચના કરેલ જે આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ પોલીસ ઇન્સ્પેકટર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓને આવા ગુનાઓ શોધી કાઢવા ડ્રાઇવ રાખવા જણાવેલ.જે અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.વાય.બલોચ નાઓની સીધી દેખરેખ હેઠળ તેઓના સ્કવોર્ડના માણસોની અલગ અલગ ટીમો બનાવી આવા ગુના શોધી કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ જે અનુસંધાને એ.એસ.આઇ રમેશભાઇ જેશંગભાઇ નાઓની ટીમ તા.3/3/2020 ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી હકીકત આધારે વટવા કેનાલ રોડ ઉપરથી એક ઇસમ આફતાબ ઉર્ફે અત્તુ મુખ્ત્યારઅહેમદ અંસારી રહે.7 અલતહા ડુપ્લેક્ષ ગોલ્ડન પાર્કની અંદર, બીબી તળાવની પાસે વટવા અમદાવાદ શહેરનાને ઝડપી પાડી તેની ઝડતી તપાસ કરતા તેની પાસેથી અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ – 4 કિ.રૂ.20,000/- નો મુદ્દામાલ કબ્જે કરી સદરી ઇસમને તા.03/03/2020 ના કલાક 18/00 વાગે અટક કરવામાં આવેલ જેથી પાસેથી કબ્જે કરવામાં આવેલ મોબાઇલ ફોન બાબતે તપાસ કરતા નીચે મુજબના અનડિટેક્ટ ગુના શોધી કાઢવામાં આવેલ છે.

➢ શોધાયેલ ગુના : -

(1) રખિયાલ પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.નં 11191029200041/2020 ઇ.પી.કો કલમ 379 A (3) , 114 મુજબ

(2) શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.નં.11191041200158/2020 ઇ.પી.કો કલમ 379 મુજબ

➢ કબૂલાત :

(3) એકાદ માસ પહેલા સી.ટી.એમ.બ્રીજ નીચેથી એક રીક્ષા ચાલક પાસેથી મોબાઇલ લૂંટી લીધેલ હોવાની કબૂલાત કરેલ છે.

(4) દોઢેક માસ પહેલા અનુપમ સિનેમા પાસે આવેલ બુટ બજાર આગળથી એક ઇસમના હાથમાંથી મોબાઇલની લૂંટ કરેલ હોવાની કબૂલાત કરેલ છે જે બાબતે ખોખરા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવેલ છે.

➢ ગુનાની એમ.ઓ. : -

પકડાયેલ આરોપી તથા તેનો નાનો ભાઇ છેલ્લા અઢી માસથી પોતાના કબ્જાની સ્પ્લેન્ડર મોટર સાયકલ લઇ શહેર વિસ્તારમાં નિકળતા અને રોડ ઉપર પસાર થતા અને મોબાઇલ ફોન ઉપર વાતચીત કરી રહેલ વ્યક્તિઓને ટાર્ગેટ બનાવી તેઓની પાસેના મોબાઇલ ફોન લૂંટી લેતા હતા

પકડાયેલ આરોપીને રખિયાલ પોલીસ સ્ટેશન સોપવામાં આવેલ છે.

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરખેજ પોલીસ સ્ટેશન :**

## એકટીવા ચોરીના કાયદાના સંઘર્ષનાં આવેલ કિશોરને મુદ્દામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા તથા અ.હેડ કોન્સ.દેવેન્દ્રસિંહ બબલસિંહ બ.નં.૮૬૨૬ તથા અ.હેડ.કોન્સ.અજીતસિહ પ્રભાતસિહ બ.નં-૪૧૨૮ તથા અ.પો.કો.સુરેશભાઇ ગગુભાઇ બ.નં.૯૭૭૩ તથા અ.પો.કો.દશરથસિંહ કરશનભાઇ બ.નં.૧૩૧૭૫ તથા અ.લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ નાઓ સાથે ટીમ બનાવી સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કો.સુરેશભાઇ ગગુભાઇ બ.નં.૯૭૭૩ તથા અ.લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ નવા વણઝર ગામ મહાદેવના મંદિરની બાજુમાં પટેલ પાન પાર્લરની બાજુમાંથી ચોરી કરેલ એકટીવા નંબર-**GJ-01-SQ-1346** સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી પાડી અત્રેના સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૩૩/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સાથે પકડી પાડી ઉપરોક્ત ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**કબ્જે કરેલ મુદ્દામાલ-**

(૧)ગુનાના કામે ચોરીમાં ગયેલ એકટીવા નંબર-**GJ-01-SQ-1346** જેની કિં.રૂ.૨૦૦૦૦/- ની મતાનુ

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નિકોલ પોલીસ સ્ટેશન :

## આઈશર વાહનમાં વિદેશી દારૂની હેરા-ફેરી કરતા એક ઇસમને ઝડપી પાડતી નિકોલ પોલીસ

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી “આઈ” ડીવીજન અમદાવાદ શહેરનાઓએ હાલમાં ચાલતા “હોળીના” તહેવાર દરમ્યાન કેટલાક અસામાજીક તત્વો દ્વારા ગુજરાત માં દારૂ બંધી હોવાથી તહેવાર દરમ્યાન દારૂનું વેચાણ કરી ખુબજ મોટા પ્રમાણમાં નાણાં કમાઈ લેવા સારૂ રાજય બહાર થી વિદેશી દારૂ લઈ આવી ગુજરાતમાં વેચાણ કરતા આવા અસામજીક તત્વોને શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એ.જે.પરમાર તથા પો.સબ.ઈન્સ આર.આઈ.મન્સુરી તથા પો.સબ.ઈન્સ કે.ડી.હડીયા નાઓ તાબના માણસો સાથે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક કલાક:૧૩/૪૫ વાગે નિકોલ કઠવાડા જી.આઈ.ડી.સી પાસે આવેલ ત્રિભુવન એસ્ટેટ શેડ નં-૩૧ ખાતે પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી કે.ડી.હડીયાનાઓને મળેલ ચોક્કસ અને સચોટ બાતમી હકીકત આધારે આઈશર ગાડી નં-MH-48-AY-9883 ની બંધ બોડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ અલગ અલગ બ્રાન્ડનો બોટલો નંગ-૩૦૯૬ કિ.રૂ-૧૫,૪૮,૦૦૦/- તથા આઇશર ગાડી જેનો R.T.O NO- MH-48-AY-9883 કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- તથા મો.ફોન-૧ કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨૫,૫૮,૦૦૦/- મુદામાલ જપ્ત કરી આરોપી કાળુસિંગ ઉર્ફે કાભાઈ S/O રામસિંગ અભેસિંગ ઠાકોર ઉ.વ.૪૮ રહેવાસી. મ.નં-૨૯ સિંગરવાગામની પાછળ કુબેરભાઈનો બોર ગુ.હા.બોર્ડ જોગણીમાતાના મંદિરની પાસે સિંગરવા તા.દસ્કોઈ જીલ્લો.અમદાવાદ નાને ઝડપી પાડી પ્રશનનીય કામગીરી કરેલ છે.

વોન્ટેડ આરોપીઓ: (૧) રામનિવાસ જાટ (મારવાડી) રહે.રાજસ્થાન (૨) કલ્પેશભાઈ વિનુંભાઈ ઠાકોર રહે. કુબેરભાઈનો બોર ગુ.હા.બોર્ડ જોગણીમાતાના મંદિરની પાસે સિંગરવા તા.દસ્કોઈ જીલ્લો.અમદાવાદ તથા બીજા બે અજાણ્યા ઈસમો

# SHE TEAM ની કામગીરીની વિગત

| | |
|---|---|
| **રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન:**<br>રીવરફ્રન્ટ ઇસ્ટ SHE TEAM દ્વારા એલીસબ્રીજ નીચે કામ કરતી મજૂર મહિલા સાથે વાતચીત કરી હેલ્પ લાઇન અંગે સમજ આપવામા આવી. |  |
|  |  |
| **સાબરમતી પોલીસ સ્ટેશન:**<br>સાબરમતી SHE TEAM દ્વારા આજરોજ સાબરમતી પો.સ્ટે.ની SHE ટીમ દ્વારા રામનગર, ડી કેબીન, ત્રાગડ ગામમા આવેલ અવાવાંરૂ જ્ગ્યાએ પેટ્રોલીંગ કરવામાં આવ્યુ તથા ૭ સીનીયર સીટીઝનની મુલાકાત લેવામાં આવી |  |
|  |  |

# <u>પાસા અટકાયત ની વિગત</u>

**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

## <u>પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસોએ વટવા પો.સ્ટે. માં દાખલ થયેલ પ્રોહીબીશન ગુનાઓ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૩૫૭/૧૮ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-સી-ગુરનં.૧૧૧૯૧૦૩૮૨૦૦૧૪૫/ ૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાઓના કામના આરોપી <u>રશીદ ઉર્ફે રાનુ ઉર્ફે ફોરમેન સ/ઓ ફિરોજભાઈ નબીબક્ષ જાતે-રાઈન ઉવ.૨૬ રહે, ૦૯, સૈયદભાઈની ચાલી, બતુલ રો-હાઉસની સામે, સૈયદવાડી, વટવા, અમદાવાદ શહેર</u> નાઓની વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૨૩૭/૨૦૨૦ તા.03/03/૨૦૨૦ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.03/03/૨૦૨૦ ના કલાક ૨૧/00 વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે <u>મધ્યસ્થ જેલ રાજકોટ</u> ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશનના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી

## કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ

નં.(૧).કૃષ્ણનગર ગુ.ર.નં.૫૧૯૩/૨૦૧૭ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ),૧૧૬(બી),૮૧ (૨).કૃષ્ણનગર ગુ.ર.નં.૫૦૧૬/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ), ૧૧૬(બી),૮૧ (૩).કૃષ્ણનગર ગુ.ર.નં.૫૦૨૮/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ),૧૧૬(બી),૯૮(૨),૮૧ (૪).કૃષ્ણનગર ગુ.ર.નં.૫૦૭૦/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ),૧૧૬(બી),૮૧ (૫).કૃષ્ણનગર ગુ.ર.નં.૫૧૬૦/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(ઇ),૧૧૬(બી),૮૧ મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:PCB/DTN/PASA/૨૪૨/૨૦૨૦ તા.૦૪/૦૩/૨૦૨૦ ના હુકમ આધારે તા.૦૪/૦૩/૨૦૨૦ ના કલાક:૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૪/૦૩/૨૦૨૦

આરોપીનું નામ :- શ્રી રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુ ભગીરથસીંહ રાજપુત રહે.૨,રામેશ્વર બંગ્લોઝ બાપા સીતારામ ચોક નવા નરોડા રોડ અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અહે.કો. હરદીપસિંહ બલભદ્રસિંહ બ.નં.૮૯૨૮ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦**

આરોપીનો ફોટો



<u>ચાંદખેડા પોલીસ સ્ટેશન :</u>

## <u>મિલ્કત સંબંધી પાસા અટકાયત</u>

ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૮૮/૧૯ ઇપીકો કલમ ૩૯૪, ૩૯૭, ૩૯૨,૨૯૪(ખ),૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) તથા ફસ્ટ ગુ.ર.નં.૯૦/૧૯ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબના ગુનાના કામના આરોપી કેતન ઉર્ફે કિશન જયંતીભાઇ બારોટ ઉં.વ.૨૨, રહે.મકાન નં.-૪, સંત રોહિતદાસ સોસાયટી, વિભાગ-૧, અર્બુદાનગરની બાજુમાં, ચાંદલોડીયા, અમદાવાદ શહેર મુળવતન ગામ-લખતર, પરામાં, તા.લખતર, જીલ્લો સુરેન્દ્રનગર નાનો અમદાવાદ શહેરમાં પોતાના સાગરીતો સાથે મોટર સાયકલ ઉપર ફરી નિર્દોષ માણસોને રોકી તેઓની સાથે જપાજપી કરી માર-મારી તેમની પાસેના તિક્ષ્ણ હથિયાર ચપ્પુથી હુમલો કરી ઇજા કરી કિંમતી ચીજવસ્તુઓ તથા રોકડ રુપિયાની લૂંટ કરતો ફરતો હોય જેને એક સેમસંગ કંપનીનો જે-૨ મોડલનો મોબાઇલ ફોન કિં.રૂ. ૫,૦૦૦ તથા એક્ટિવા કિં.રૂ.૨૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૨૩૯/૨૦૨૦ તા.૦૪/૦૩/૨૦૨૦ થી સદરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૦૪/૦૩/૨૦૨૦ કલાક ૨૨/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે.

<u>કામગીરી કરનાર :-</u>

(૧) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૨) પો.કો. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૩) પો.કો. પ્રકાશભાઇ કાન્તીભાઇ બ.નં.૧૩૧૬૭

આરોપીનો ફોટો



## <u>ગુના નિવારણ શાખા</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૪.૦૩.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ઓઢવ તથા અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા ફરીયાદીને પેસેંજર તરીકે પોતાની ઓટો રિક્ષામા બેસાડી ફરીયાદી સાથે બોલાચાલી અને ઝઘડો તકરાર કરી ફરીયાદીનુ પર્સ તથા મો.ફોન રોક્ડા નાણા તથા ક્પડાની થેલીની લુટ કરનાર તથા અન્ય કિસ્સામા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીની દુકાને જઈ તારે દુકાન ચલાવવી હોય તો રુપિયા આપવા જ પડશે તેમ જણાવી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ગલ્લામા પડેલ રુપિયા ૫૦૦/ ની લુટ કરનાર માથાભારે અને ઝનુની સ્વભાવના ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે પંકજ ઉર્ફે ગાંડા જલેબસિંગ યાદવ રહેવાસી-મ.ન.૫ મીઠાશેઠની ચાલી રામનગર ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ- ઓરાવર તા.સિકોહાબાદ થાના-નગલા નગર જિ.ફિરોજાબાદ ઉતરપ્રદેશ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | પંકજ ઉર્ફે ગાંડા જલેબસિંગ યાદવ રહેવાસી-મ.ન.૫ મીઠશેઠની ચાલી રામનગર ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ- ઓરાવર તા.સિકોહાબાદ થાના- નગલા નગર જિ.ફિરોજાબાદ ઉતરપ્રદેશ |

- આ ઉપરાંત પ્રોહીબીશન સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી <u>કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.